UNITED INTERNATIONAL

GUJARATI CHRISTIAN SOCIETY

NEW YORK & NEW JERSEY

Phone # (732) 855-0596 ✠ email: jospausa@yahoo.com

(A NOT-FOR-PROFIT ORGANIZATION, Estd. 1988)

AMERICAN CHRISTIAN NEWS

અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ

FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN

EDITOR: JOSEPH PARMAR

Issue-117, Year: 36, January-February-2015



તંત્રીની કલમે આ પત્ર...આપ આ અંક વાંચશો ત્યારે ઈ. સ. ૨૦૧૫નો પ્રથમ મહિનો-જાન્યુઆરી તો પસાર થઈ ગયો હશે. તેમ છતાં સને ૨૦૧૪ના યાદગાર પ્રસંગો કે સિધ્ધિઓનો આનંદ એ વીતેલાં સંભારણાંમાં તનમનને પ્રોત્સાહિત રાખતો હોય છે. મનુષ્યના સુખનું રહસ્ય આવા આનંદિત પ્રસંગો અને જીવનમાં મેળવેલી સિધ્ધિઓમાં રહેલો છે.

પણ 'નવું નવ દહાડા'ની કહેણી મુજબ ગયા વર્ષના ખાસ પસંગો પણ ભૂલાતા હોય છે. મનુષ્ય વર્તમાનમાં જીવતો હોય છે, એટલે ગયા વર્ષના અનુભવોનો ઉપયોગ કરીને વર્તમાનને વધુ સુખમય બનાવવાનો રસ્તો શોધી કાઢે છે. સમજુ અને શાણા મનુષ્યો ગયા વર્ષનું સરવૈયુ કાઢીને નવા વર્ષ માટે પોતાના સંકલ્પો નક્કી કરતા હોય છે.

સને ૨૦૧૫ના નૂતન વર્ષના સંકલ્પોના સંદર્ભે આ વર્ષે કેથલિક ધર્મસંઘના રોમસ્થિત નામદાર પોપ ફ્રાન્સિસે નક્કી કરેલા દસ સંકલ્પોએ દુનિયાના લોકોનું ધ્યાન ખેંચ્યું છે.

આ દસ સંકલ્પો જીવનમાં અપનાવવા સહજ અને સમજવા પણ તદ્દન સહેલા જણાય છે!

આ દસમાંના દરેક સંકલ્પ વિષે વિગતે સમજ મેળવવા પ્રયાસ કરીએ; **૧.** સંબંધીઓ, સ્નેહી,મિત્રો કે અન્ય કોઈ અંગે અફવા ફેલાવવી નહિ, કુથલી કે નિંદા કરવી નહિ. કોઈના વિષે કહેલી સહજ વાતો કે લખાણોની વિગતોને તોડીમરોડી-મનઘડત એવી ઉપજાવેલી વાતો ફેલાવવી નહિ. હકીકતમાં કશું જ ન હોય, તેવાં ગપ્પાં મારવાં કે ફેલાવવાં નહિ. Don't gossip-બે જ શબ્દોમાં મનુષ્ય-મનુષ્ય વચ્ચે આત્મિયતા કેળવાય અને પરસ્પર સમભાવ કેળવાય-તેવી કેવી ઉમદા સંકલ્પના રજૂ કરી છે!

New Year's Resolutions:
Pope Francis List

1. Don't gossip.
2. Finish your meals.
3. Make time for others.
4. Choose the 'more humble' purchase.
5. Meet the poor 'in the flash'.
6. Stop judges others.
7. Befriend those who disagree.
8. Make commitments, such as marriage.
9. Make it a habit to 'ask the Lord'.
10. Be Happy.

૨. "આપનું ભોજન સમાપ્ત કરો." માણસ દિવસમાં જ્યારે પણ પોતાનો ખોરાક લે છે, ત્યારે 'ડીસ' કે વાસણમાં લીધેલો ખોરાક ખાઈને પૂરો કરી શકાય તેટલો જ લેવો જેથી છાંડવાનો કે વધવાનો પ્રશ્ન જ રહે નહિ. ખોરાક ખાધા પછી 'ડીસ'-વાસણમાં વધવો જોઈએ નહિ. આથી સમતોલ ખોરાક લેવાય, સ્વાસ્થ્ય જળવાય

એક નાની અમથી સલાહ, એક સંકલ્પ તરીકે નક્કી કરવાનો ઉદ્દેશ ખોરાકનો બગાડ ન થાય તે માટે છે. ખોરાક છાંડવા માટે શરમ આવવી જોઈએ.

ફેમિલીમાં, સમારંભોમાં, રેસ્ટોરન્ટોમાં જમનાર પોતાની 'ડીસ'માં પોતાને માટે ખાવી જરૂરી હોય તેટલી જ વાનગીઓ પ્રમાણસર લેવી જોઈએ, જેથી પોતાના વાસણમાં આરોગવા માટેની બધી વાનગીઓ ખાવાથી સમાપ્ત થઈ જાય. છાંડેલો ખોરાક નકામા કચરા તરીકે કોઈના-ભૂક્યાંજનોના પણ ઉપયોગમાં આવે નહિ. જે સમાજ અને દેશ-દુનિયા માટે બહુ મોટું નુકસાન છે.

૩. અન્યને માટે આપનો સમય ફાળવો. આજકાલ 'સમય નથી' "સમય જ ક્યાં છે?", વગેરે બહાનાં સાંભળવા મળે છે. માનવીને પોતાની જવાબદારીઓ અદા કરવા માટે દિવસના ૧૨-૧૪ કલાક મળતા હોય છે. સમગ્ર દિવસનાં પોતાનાં કામકાજની ખોજ કરો તો દિવસમાં એવો કેટલોયે સમય બરબાદ થતો હોય છે. ફેમિલીમાં પતિ-પત્ની, બાળકો અને માબાપ હયાત હોય અને સાથે રહેતાં હોય તો, તે સૌ અને બીજાં પણ એક છત નીચે રહેતાં હોય, તેમની સાથે પણ જરૂર પૂરતી વાત કરવા સમય મળવો મુશ્કેલ જણાતો હોય છે. તો આ સંકલ્પમાં તો જેઓ આપણા માટે 'અન્ય'- પરાયા કે અજાણ છે, તેઓના માટે પણ સમય ફાળવવની વાત કરવામાં આવી છે. આ સંકલ્પ માનવતાની એક ભાવનાનો નિર્દેશ કરે છે. કોઈ જે કદીક આપણને મળે, રોજિંદા માનવ વ્યવહારમાં કોઈ સાથે વાત કરવાનો સમય આવે, ત્યારે 'સમયનો અભાવ'ને કારણ બનાવી અન્ય સાથેના સંપર્કને અવગણવો નહિ, તેવો આ સંકલ્પ 'સમભાવના' ફેલાવવાનું ઉમદા કાર્ય કરી શકે.

૪. 'વધુ નમ્રતાભરી' ખરીદી કરો. 'more humble'-શબ્દપ્રયોગ કરીને પોપશ્રીએ સમૃધ્ધિનું પ્રદર્શન થઈ શકે તેવી ખરીદી નહિ કરવાનો નિર્દેશ કર્યો છે. વિવેકસર ખરીદી કરવી. જે જરૂરી અને જીવન માટે યોગ્ય છે, તેવી પ્રમાણસરની ખરીદીનો સંકલ્પ વિશ્વની દ્રવ્ય સંપત્તિનું જતન કરવા જણાવે છે. પૈસાની અપ્રમાણ સંપત્તિ ધરાવનારા જરૂરી નહોય તેવી, પ્રમાણમાં પોષાય તેવી અને પોતાના 'સ્ટેટસ'ને હરકત ન પહોંચે તેવી ચીજવસ્તુને બદલે 'મોંઘી' કે જોનારને અચંબો પમાડે તેવી વસ્તુ ખરીદીને સમાજમાં 'વટ' પાડવાની વૃત્તિ અટકે તેવો આ સંકલ્પ દરેક અપનાવે તો? સમાજમાં 'સમભાવના' વધતી જાય!

૫. 'ગરીબોને એક પ્રકાશિત અજવાળા તરીકે' મળો.' એક નવી દીશા, એક નવો વિચાર આ સંકલ્પમાં જોવા મળે છે. ગરીબોનું મર્યાદિત સુખશાંતિવાળુ જીવન હોય છે. જીવન ચીજવસ્તુઓના અભાવમાં તેઓ સંતોષ માનીને જીવન ગુજારતા હોય છે, આ વર્ગમાં આવનાર ગરીબોને મળવાનો પ્રસંગ તેમના જીવનમાં અજવાળુ લાવી શકે તે રીતે તેમને તેમને સહાયભૂત થઈ શકાય તેવી રીતે મળવાનો આ સંકલ્પ વંચિતો પ્રત્યે હમદર્દી સાથે તેમને ટેકારૂપ થવાનો છે

૬. બીજાનો ન્યાય ન કરો. "બીજાના કાજી ન બનો."- "બાઈબલ"માં કહેવાયું છે. દરેકે દરેકનાં કાર્યો પ્રભુ જાણે છે. સારાં કાર્યો પુણ્ય આપશે, નઠારાં કાર્યો પાપ વધારશે, અને તેઓ પુણ્ય મેળવી શકશે નહિ. ન્યાય કરનાર પ્રભુ પરમેશ્વર છે. ઈશ્વરમાં શ્રધ્ધા રાખનાર સૌ આ માને છે.

૭. "જેઓ (આપણી સાથે-આપણા વિચારો સાથે) અસંમત હોય, તેઓની સાથે મિત્રની જેમ વર્તો"-સંકલ્પમાં અન્ય સાથે મતભેદ ભલે હોય પણ તેવાઓની સાથે પણ મિત્રતા રાખીને સંબંધ રાખવાનો એક ઉત્તમ વિચાર સૌ સાથે મનમેળ રાખવા જણાવે છે. પ્રભુ ઈસુએ પણ કહ્યું છે; *"એકબીજા પર પ્રેમ કરવામાં ઈશ્વરના સર્વ નિયમોનું પાલન થાય છે."*-રોમન-૧૩:૮

૮. પ્રતિબધ્ધતા રાખવી, કોઈ કાર્ય કે જવાબદારી હોય, કે જવાબદારી સ્વીકારી હોય તો તે સમર્પિતપણે પૂર્ણ કરીને જ રહેવું, જેમકે, લગ્નજીવન. પતિ-પત્ની એકબીજા સાથે સુખમાં કે દુ:ખમાં ગમેતેવા વિપરિત સંજોગોમાં એક મનનાં બનીને પરસ્પર વિશ્વાસથી સહકાર આપીને જીવન ગુજારે.

૯. જીવનના હર સંજોગોમાં 'પ્રભુને પૂછવાની આદત પાડો.'-આપણા જીવનના, આપણા કુટુંબના આગેવાન પ્રભુ છે, તેવી માન્યતા ધરાવીને જીવનની હર ક્ષણ, હર પળમાં આગળ વધવા પ્રભુની ઈચ્છાને આધીન રહેવાનો આ સંકલ્પ જીવનમાં ઉતારનાર વ્યક્તિ કે કુટુંબ કદી દુ:ખી રહેશે નહિ.

૧૦. "સદા સુખી રહો!"-ની સંકલ્પના જીવનને હર્યુંભર્યું અને સંતોષથી ભરી દે છે. મનુષ્યના જીવનનો મુખ્ય ઉદ્દેશ-હંમેશાં સુખી રહેવાનો હોય છે. જીવનમાં મળતો નવો દિવસ આપણા માટે પ્રભુની ભેટ છે. હરેક ક્ષણ પ્રભુને અગ્રેસર રાખીને પસાર થાય તેવી તો જીવન હંમેશાં સુખમય બની રહે!

પોપશ્રીએ સૂચવેલા દસે દસ સંકલ્પો કોઈ ધર્મના સંબંધે નથી. કોઈ પણ ધર્મમાં આસ્થા રાખનાર આ દસ સંકલ્પો પોતાના જીવનમાં ૨૦૧૫ના વર્ષમાં અપનાવે તો પોતે જે ધર્મમાં માનતા હોય તેમાં કશો બાધ આવે તેમ નથી. સનાતન સત્ય તરફ લઈ જતા આ દસેદસ સંકલ્પો આવકારદાયક છે!

"અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ" સાથે કૉમ્યુનીટીના તાજા અને સવિષેશ સમાચારો માટેની વિશ્વવ્યાપી **લોકપ્રિય** વેબ સાઈટ: *jagadishchristian.com*

અજવાળુ – *ઈલા જોબર્ટ (Union City, NJ)*

પાણીના રેલાની જેમ એક વર્ષ પૂરું થઈ ગયું. જોતજોતાંમાં ૨૦૧૫નું નવું વર્ષ રૂમઝૂમ કરતું આવી ગયું. પાછલા વર્ષ તરફ નજર કરતાં ઘણા આનંદના અને કેટલાક દુ:ખના પ્રસંગો આવી ગયા. ઘણાંએ નવું વર્ષ જોવા ચાહ્યું હશે પણ જોઈ નથી શક્યા. એ તક ઈશ્વરે આપણને આપી છે, તેથી આભાર સહિત નવા વર્ષને વધાવીએ.

નવા વર્ષમાં અનેક નવાં કાર્યો કરવાનાં છે. ગયા વર્ષનાં બાકી રહેલાં પૂરાં કરવાનાં છે. નવા વર્ષમાં નવાં ડગ ભરવાનાં છે. ચારે તરફ અંધકાર ભાસે છે. નાસીપાસ અને નાહિંમત થઈ જવાય તેવા સંજોગો ઘેરી વળે છે. જેમ અંધારા ઓરડામાં પ્રવેશીએ તો જાણે બધું હોય તેવો આભાસ થાય છે, પણ પ્રકાશનું એક નાનું કિરણ રૂમની અવ્યવસ્થા, ધૂળના થર અને જાળાં બાઝેલાં દેખાશે, અવ્યવસ્થિત સામગ્રી પડેલી દેખાશે. આ બધું ધ્યાન પર લાવનાર એક પ્રકાશનું નાનું કિરણ છે. જે અવ્યવસ્થા અને ધૂળ, વગેરે સ્વચ્છ અને વ્યવસ્થિત કરવા પ્રયત્નશીલ બનવું પડશે. સત્યનો સ્વીકાર કરવો પડશે, અંધકારને દૂર કરીને પ્રકાશને આવકારવો પડશે. પછી ભલે તેમ કરવા ઘણી મહેનત કરવી પડે. યશાયા-૫૯:૯

અમે અજવાળાની આશા રાખીએ છીએ. પાપરૂપી અંધકારને દૂર કરી ઈસુરૂપી અજવાળાનો સ્વીકાર કરવાનો છે. યશાયા-૯:૨ અંધકારમાં ચાલનાર લોકોએ મહાન પ્રકાશ જોયો. મરણછાયાના દેશમાં વસનારા પર અજવાળુ પ્રકાશ્યુ. અંધકાર દૂર થઈ પ્રકાશ રેલાયો. ધિક્કાર અને પ્રેમના યુધ્ધમાં પ્રેમનો વિજય થયો. અજવાળુ એટલે પ્રેમ, સાજાપણું, ક્ષમા અને સુસંગત. અજવાળાનો નકાર, એટલે ઈશ્વરનો નકાર. દેવ અજવાળુ છે અને તેમાં અંધકારના પડછાયા છે જ નહિ. આપણે કહીએ કે, આપણે દેવના પ્રકાશમાં છીએ અને અંધકારને ધીક્કારીએ છીએ. તો ઈશ્વરનું રક્ત આપણને સર્વપાપથી શુધ્ધ કરે છે. યાકૂબ-૫:૧૬. આપણે આપણાં પાપ-આપણી ભૂલો એકબીજાની આગળ કબૂલ કરીએ.

દેવ પ્રકાશ છે. આપણે માટે પોતાના એકનાએક પુત્રના રક્તથી વધસ્તંભ પર કિંમત ચૂકવી, તે આપણે એકબીજાને જણાવીએ. જેમ મીણ ઓગળે છે, તેમ આપણાં પાપોનો પસ્તાવો કરીને ઈસુના રક્તમાં ધોઈ નાખીએ. અંધકારને હટાવી આત્મિક દીવાની જ્યોત પ્રગટાવીએ. ગીતકર્તા દાઉદભક્ત ગીતશાસ્ત્ર-૫૧: ૨, ૧૫-૧૬માં કહે છે, *“હે પ્રભુ મારા હોઠ ઉઘાડ એટલે મારું મુખ તારી સ્તુતિ પ્રગટ કરશે. મારા અન્યાયથી પૂરો ધો, ને મારા પાપથી શુધ્ધ કર”*

નીતિવચન-૨૮:૧૩ *“જે પોતાનાં ઉલ્લંઘનો કબૂલ કરે છે, ને તેનો ત્યાગ કરે છે તેઓ પર દયા કરવામાં આવશે.”* નવી શરૂઆત કરીશું તો જેમ પ્રભુએ બીનશરતી પ્રેમ કર્યો છે, તેમ નવું વર્ષ પ્રેમ, આશા અને આશીર્વાદથી ભરપૂર બની જીવનને અજવાળશે. લૂક-૨:૧૦-૧૧ *“દૂતે જણાવ્યું કે જુઓ, હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું, અને તે સર્વ લોકોને માટે થશે. કેમકે, આજ દાઉદના શહેરમાં તમારે સારુ એક તારનાર જન્મ્યો છે.”* જે જગતને અજવાળુ આપે છે અને આપના જીવનને અજવાળેછે. તો આપણે તે અજવાળામાં ચાલીએ. લૂક-૧૮:૧૩-૧૪, દાણીની જેમ પ્રાર્થના કરતાં પ્રભુના ચરણોમાં આવીને પ્રાર્થીએ, *“ઓ પ્રભુ! હું પાપી છું, મારા પર દયા કરો”*. વિશ્વાસીઓમાંના ઘણા આવ્યા અને પોતાનાં કૃત્યો દાણીની જેમ કહી બતાવ્યાં.

પ્રભુના પ્રકાશે ઘણાં જીવનો બદલાયાં. તો આપણે અંધકારનાં કામો તજી દઈ પ્રકાશનાં સાજ સજીએ, કારણ આપણે અજવાળાનાં છોકરાં છીએ, અંધકાર કે રાતનાં તો નથી જ. પ્રભુના અજવાળામાં સ્વકેન્દ્રિત કે આત્મનિયંત્રિત બનીએ. ખ્રિસ્તના બાળકો જે દેવને આનંદિત કરે અને સાબિત કરે કે આપણે તેનાં બાળકો છીએ. અને અંધકારનાં કામો ત્યાગી પ્રકાશમાં આવીએ. યોહાન-૧:૫ *“યહોવા મારું અજવાળુ તથા મારું તારણ છે, મને કોનું ભય લાગે?”* તે અજવાળુ અંધકારમાં પ્રકાશે છે. ઈસુ જગતનું અજવાળુ છે, જે જગતમાં આવીને સઘળાંને પ્રકાશ આપે છે. *“આપી છે જીવનમાં આશિષની ભેટ અનેક,*
દેવના અજવાળે અંધકાર ભાગે, જીવન બને સતેજ!”

ભારત પ્રજાસત્તાક દેશ છે.

– રેવ. ડૉ. સ્નેહલતા પટેલ (brooklyn, NY)

ભારતના સંવિધાન પ્રમાણે ભારત એક બિનસાંપ્રદાયિક દેશ છે. જેથી ભારતમાં બહુમતિ અને દરેક ધર્મને સમાન દરજ્જો અને રક્ષણ આપવાની સરકારની ફરજ બની રહે છે. ભારતના બિનસાંપ્રદાયિક સિધ્ધાંત મુજબ દેશની બહુમતિ, લઘુમતિ, દરેક કોમ અને દરેક ધર્મના અનુયાયીઓને પરસ્પર ભાઈચારા, પ્રેમ અને માનવકલ્યાણની ભાવનાથી રહેવું જોઈએ.

ભારતના આવા સમભાવી કાયદાને અવગણીને તાજેતરમાં કેટલાક કોમવાદીઓ ભારતને હિંદુ (ધર્મનો) દેશ બનાવવાનાં સ્વપ્નો જુએ છે. આને આવી બિનકાયદેસર વિચારસરણી ધરાવનારા કોમી રમખાણો કરાવીને જાનમાલને હાની પહોંચાડી રહ્યા છે. તેઓ ભારતના નાગરિકોના મૂળભૂત અધિકારો પર તરાપ મારી તંગદિલી પહોંચાડે છે. તેથી હુમલો કરનાર એવા કોમવાદીઓ અને હુમલાનો ભોગ બનનારને નુકસાન થાય છે.

તાજેતરનાં ભારતના અમુક વિસ્તારોમાં ખ્રિસ્તીઓ વિરુધ્ધ જે ઝૂંબેશ ચલાવવામાં આવી છે તે દુ:ખજનક છે. તેથી ખ્રિસ્તી ધર્મના એક શુભેચ્છક તરીકે મારાં ભારતીય લોકોને ખ્રિસ્તીઓ અને તેમનાં સેવાકાર્યો વિશે માહિતી આપી ભાઈચારો કેળવવા નમ્ર વિનંતી કરું છું.

વાસ્તવિકતા: વિવિધ દેશો, વિવિધ ધર્મો, વિવિધ સંસ્કૃતિ અને અનેક જાતિ, અનેક ભાષા બોલનાર લોકો એટલે કે સમગ્ર માનવજાત અને આ સૃષ્ટિના સર્જક એક જ છે. તેથી ધર્મ, જાતિ, નાગરિકતા, વગેરે ભેદભાવ વિના દરેક ઈશ્વરપ્રેમી વ્યક્તિની ફરજ ભાઈચારાની ભાવના અને માનવકલ્યાણ છે, અને તેમ જ હોવું જોઈએ!

પાપના ડંખથી મુક્તિ મેળવવા અનેકવિધ વ્યર્થ પ્રયત્નો-જેવાં કે, દેવદેવીઓની ઉપાસના, દાનદક્ષિણા, તિર્થયાત્રા, વગેરે સમગ્ર માનવજાત કરે છે. જેની જેવી આસ્થા તેવી તેની ધર્મભાવના! પણ આપણી સારી કરણીઓ, આપણો ઈશ્વર પ્રત્યેનો પ્રેમ ઋણનું પ્રતિબિંબ છે. રૂડી કરણીઓ ધ્વારા મોક્ષપ્રાપ્તિ થાય છે, તેવી માન્યતા લોકો ધરાવતા હોય છે.

જો અનંતકાળની નરકની યાતના વેઠવી ન હોય તો પૃથ્વી પરના જીવન દરમ્યાન દરેક વ્યક્તિએ કરતાં–મરણ પછી મારી શી ગતિ થશે-એ પ્રશ્ન પર ગંભીરપણે વિચાર કરતાં ‘મોક્ષપ્રાપિત’ મેળવવી આવશ્યક બની રહે છે.

પ્રભુ ઈસુ જે માનવદેહ ધારણ કરી પૃથ્વી પર આવી ગયા, જે આત્મામાં આપણી સાથે છે, અને જે ફરીથી આવનાર છે ત્યારે જેઓએ તેના પર વિશ્વાસ કર્યો હશે તેટલાંને જ તેની સંગતમાં લેશે. તેના પર વિશ્વાસ કરી મોક્ષ પામીએ અને આ જીવનમાં તેમજ આવનાર જીવનમાં ભરપૂર જીવન જીવીએ.

ધર્મ એટલે દેવની સાથે મિત્રતા!-શું આપણી દેવ સાથેની મિત્રતા બીજાઓના જાનમાલને નુકસાન કરવા પ્રેરે ખરી? બીજા શબ્દોમાં-હિંસા ધર્મપ્રેરિત નથી પણ શેતાનપ્રેરિત છે.

“કેમકે, દેવે જગત પર એટલો બધો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકનોએક પુત્ર આપી દીધો. હવે કે કોઈ તેમના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે”.-યોહાન-૩: ૧૬-૧૯. જગતને દોષિત ઠરાવવા નહીં પણ તેનો ઉધ્ધાર કરવા માટે ઈશ્વરે પોતાના પુત્રને જગતમાં મોકલી દીધો.

ઉધ્ધારને અર્થે જેઓ ઈશ્વરના એકાકી પુત્ર પર વિશ્વાસ કરે છે, તેઓને માટે સાર્વકાલિક નાશ નથી. પણ જેઓ તેના પર વિશ્વાસ કરતા નથી તેઓનો ન્યાય થઈ ચૂક્યો છે, અને તેઓ દોષિત ઠરી ચૂક્યા છે. યોહાન-૩:૧૬-૧૯.

ઉપાય: “બાઈબલ” સ્પષ્ટ જણાવે છે કે, સમગ્ર માનવજાત પર તેના સર્જનહારે અસિમિત, બેસુમાર, બિનશરતીય પ્રેમ આપીને અને માનવજાતને નાશની ગર્તામાં ધકેલાતાં સૌને બચાવવા પોતે માનવસ્વરૂપ ધારણ કર્યું.

તેનું નામ પ્રભુ ઈસુ ખ્રિસ્ત હતું. કારણ કે, તેઓ માનજાતને તેઓના પાપથી બચાવવા અભિષિક્ત થયેલા હતા. માનવજાતને મુક્તિમૂલ્ય

“American Christian news” published since 1988, by “Gujarati Christian Church”
(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)

ચૂકવી શેતાનની ચુંગાલમાંથી છોડાવવા તેઓ આવ્યા હતા. તેમનું નામ "ઈમાનુએલ"-એટલે 'ઈશ્વર આપણી સાથે છે.'-આમ જેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે તેઓને અનંતજીવન પ્રાપ્ત થાય છે. એટલું જ નહિ પણ સર્વ પરિસ્થિતિઓ-સતાવણી, કેદ, અને સુખદ પ્રસંગોમાં તેઓ ભરપૂર જીવન જીવે છે. કારણ કે, ઈશ્વર તેમની સાથે છે.

શા માટે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર જ વિશ્વાસ કરવો જોઈએ?

ઈસુ ખ્રિસ્ત સંપૂર્ણ દેવ અને સંપૂર્ણ માનવી હતા. તેમનો જન્મ પતિપત્નીના શારીરિક સંબંધો ધ્વારા થયો ન હતો. સ્ત્રીના ઉદરનો માત્ર ઉપયોગ કરવામાં આવ્યો હતો. વળી અત્યાર સુધીના ઈતિહાસમાં માત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્ત જ એકલી એવી વ્યક્તિ છે કે જે મરણમાંથી સજીવન થઈ મૃત્યુ પર પણ તેનું નિયંત્રણ અને મૃત્યુ પર વિજય દર્શાવી શક્યા છે! પૃથ્વી પરના તેમના જીવન દરમ્યાન તેમણે પોતે મરેલાંઓને પણ નવું જીવન બક્ષેલું છે. ફક્ત સારી કરણીઓ ધ્વારા મોક્ષપ્રાપ્તિ શક્ય નથી.

ખ્રિસ્તિઓ શા માટે સુવાર્તાપ્રચાર કરે છે?

એક સમયે પેલેસ્ટાઈન-હાલના ઈઝરાએલ દેશમાં ઈશ્વર પ્રભુ ઈસુએ માનવસ્વરૂપ ધારણ કરીને લોકોને પ્રેમ, ક્ષમા, અહિંસા, સહિષ્ણુંતા અને ભલાઈનો રાહ બતાવ્યો. અને તેમના પર વિશ્વાસ કરનારને પાપમાંથી મુક્તિ તથા અનંતજીવનની ભેટ આપી.

સાથે સાથે તેમની પર વિશ્વાસ કરનાર અને તેમનો પયગામ જીવનમાં ઉતારનાર તેમના અનુયાયીઓને આદેશ આપ્યો કે, "પાપમાંથી છૂટકારો" અને અનંતજીવનની ભેટનો શુભસંદેશ સમગ્ર માનવજાતમાં ફેલાવવામાં આવે. આ આદેશ પ્રમાણે ઈસુ ખ્રિસ્તના અનુયાયીઓ ભૂખ, તરસ, સંકટો, મુશ્કેલીઓ વેઠીને શિક્ષણ, સાહિત્ય, જનસેવા મારફતે સુવાર્તા પ્રચાર કરે છે. આ શુભસંદેશ કોઈપણ જાતની લાલચ, ધાકધમકી આપ્યા વિના સ્વાર્થ વિના પ્રસારી રહ્યા છે. આ શુભસંદેશ સ્વીકારવો કે તેનો અસ્વીકાર કરવો તે દરેક વ્યક્તિની અંગત બાબત છે. સ્વીકાર કરનારને વધુ શિક્ષણ આપવામાં આવે છે.

સુવાર્તા પ્રચારની અગત્યતા સમજાવવા માટે એક ઉદાહરણ આપુ છું. કોઈ વ્યક્તિને જીવલેણ કેન્સર થયું હોય, બચવાની જરાય આશા ન હોય ત્યારે કોઈક ડોક્ટર, વૈદ્ય, દુવા કે નુસખાને કારણે કેન્સરમાંથી સંપૂર્ણ સાજાપણું મળે ત્યારે સ્વાભાવિક રીતે જ તે વ્યક્તિ બીજી કોઈ કેન્સગ્રસ્ત વ્યક્તિને મળે તો તે પોતાને થયેલા અનુભવની જાણ કરે.

એ જ પ્રમાણે સુવાર્તાપ્રચારનું કાર્ય ધર્મપરિવર્તન કરાવવાનું નથી, પણ પાપમાં નાશ પામનાર વ્યક્તિને તેના બચાવનાર તરફ દિશા ચીંધવાનું ઉમદા કાર્ય છે.

વાચક મિત્રો! નાણાં, સમૃધ્ધિ, બહુમતિ, જંગી બાહુબળ, ધર્મઝનૂન, વગેરે બધું જ સર્વશક્તિમાન ઈશ્વરની આગળ વામણું છે. આપણો સર્જનહાર આપણી ઉપર અમાપ્ય-અનહદ પ્રેમ કરે છે. તે કોપ કરવામાં ધીમો અને કરુણા કરવામાં ઉતાવળો છે. તેથી કોપ આવે તે પહેલાં એક જ સરજનહારની કૃતિઓ અને બિનસાંપ્રદાયિકતાના સિધ્ધાંતોને માન આપતાં હિંસા બંધ કરીએ! ભાઈચારાના પ્રેમમાં જીવીએ! એકબીજાનું કલ્યાણ કરીએ! પોતે ભરપૂર આશીર્વાદિત જીવન જીવીએ! અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીનો રાહ અપનાવીએ!

૨૦૧૫નું નવું વરસ સુખશાંતિ અને આબદી લાવનાર બની રહે!

"બાઈબલ સ્ટડી"-જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૫ના પ્રશ્નો:

વિભાગ ૧. માથ્થી, માર્ક અને લૂકમાંથી શોધીને જવાબ આપો;

પ્ર. ૧).શા માટે પોતાને સારુ પૃથ્વી પર દ્રવ્ય એકઠું કરવા ના કહે છે?

પ્ર. ૨) પ્રભુના દૂતે યુસુફને (સ્વપ્નમાં) શું કહ્યું?

પ્ર. ૩) શેતાને ઈસુનું પરીક્ષણ કરતાં રોટલી વિશે કહ્યું ત્યારે ઈસુએ શો જવાબ આપ્યો?

પ્ર. ૪) યોહાન બાપ્તિસ્તનું મરણ કેવી રીતે થયું?

પ્ર. ૫) ઈસુ તેના શિષ્યોને પૂછે છે કે, હું કોણ છું, એ વિશે લોકો શું કહે છે?

પ્ર. ૬) "બાઈબલ"માં ટૂંકામાં ટૂંકી કઈ કલમ છે?

વિભાગ ૨. અધુરાં વાક્યો પૂરાં કરો.-(યોહાન, કરીંથી ૧, તિમોથી ૧ હિબ્રુ અને યાકુબના આધારે)

પ્ર. ૧) ઈસુએ કહ્યું કે, પુનરુત્થાન તથા જીવન હું છું ________________

પ્ર. ૨) જો હું માણસોની તથા દૂતોની પણ ભાષા બોલું ________________

પ્ર.૩) ઉપદેશ કરવાની કે પુરૂષ પર ________________

પ્ર. ૪) એ માટે લૂલા થયેલા હાથોને તથા ________________

પ્ર. ૫) જીભ તો અગ્નિ છે ________________

પ્ર. ૬) વિશ્વાસ સહિત કરેલી પ્રાર્થના ________________

વિભાગ ૩. યાકુબ અને ફિલિપીઓના પત્રમાંથી શોધીને ખાલી જગ્યા પૂરો;

પ્ર. ૧) જે ભલું કરી જાણે છે પણ ___ , ___ , તેને ___ લાગે છે.

પ્ર. ૨) કેમકે જેમ શરીર ___ , ___ , ___ , છે, તેમજ ___ પણ ___ , ___ , નિર્જીવ છે.

પ્ર. ૩) દરેક ___ દાન તથા, ___ , ___ , ___ , હોય છે.

પ્ર. ૪) કેમકે મને ___, તે અને ___ તે ___ છે.

પ્ર. ૫) દેવ બાપના મહિમાને અર્થે ___ , ___ , કબૂલ કરે કે ___ , ___,પ્રભુ છે.

"બાઈબલ સ્ટડી" નવેમ્બર-ડીસેમ્બર-૨૦૧૪ના પ્રશ્નોના સાચા જવાબો મોકલનાર 'બાઈબલપ્રેમી'ઓની યાદી. સૌને "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"નાં અભિનંદન!

૧) ભાનુમતી ક્રિસ્ટી-કેલિફોર્નિઆ ૨) રીબેકા ડાયલ-ન્યુયોર્ક

૩) લીલીયન જે. જોન-નોર્થ બર્ગન ૪) એમિલ્યા ક્રિસ્ટી-જર્સી સીટી

૫) સ્ટેલા પરમાર- નોર્થ બર્ગન

* **"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"**ને મળેલાં દાનની યાદી-

- અર્પણ ક્રિશ્ચિયન ન્યુ જર્સી $20/ , -સવિતાબેન મેકવાન $20/ શિકાગો, -ઈલા જોબર્ટ $15/ ન્યુ જર્સી, -પર્લિન ક્રિશ્ચિયન $15/, એમેલ્યા ક્રિસ્ટી $10/ ન્યુ જર્સી, -જોયસ જોયલ $10 ન્યુ જર્સી. -ઉષા રોબીન $10/ ન્યુ જર્સી , અને એક શુભેચ્છક $10/ શિકાગો.

"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ" ઉદારદીલ દાતાઓનો હાર્દિક આભાર માને છે!

ગાલમાં પડતા ખાડા

–જોઈસી જોવેટ ક્રિશ્ચિયન,(Union City, NJ)

સરજનહારે સૃજેલી સૃષ્ટિ અજોડ છે. એમાં વિવિધતા છે. પ્રત્યેક ચહેરા જોતાં અસંખ્ય મ્હોરાં, રૂપ, રંગ, નાકનકશી, વગેરે અલગ અલગ જોઈ શકાય છે, પ્રત્યેક ચહેરામાં વિવિધતા. એવું સાંભળ્યું છે કે, દુનિયામાં સાત ચહેરા આબેહૂબ સામ્ય ધરાવતા હોય છે. જો કે મેં એ બાબત નિહાળી નથી, કારણ દુનિયા આખી મેં ક્યાં જોઈ છે?

અમારાં માનીતાં હિલ્ડા આન્ટી તથા ફ્રેડરીક અંકલના બે જોડિયા દીકરાઓ મેં નાનપણમાં જોયા હતા. શરૂ શરૂમાં આ જોડિયા બાંધવો 'મોટકો' અને 'નાનકો'-નામે ઓળખાતા. બાપ્તિસ્મા બાદ એક બન્યો 'રોમ્યુલસ' અને બીજો બન્યો 'રીમસ'. આ જોડિયા બંધુ આબેહૂબ સરખી જ શકલ ધરાવતા હતા. કોણ 'મોટકો' અને કોણ 'નાનકો' એ ફક્ત માબાપો જ જાણતાં હતાં, એ સિવાય બીજાઓ માટે એ પ્રશ્નાર્થનો જવાબ અઘરો બની રહેતો.

દરેક વૃક્ષ, ફળ, વનસ્પતિ, નદી, નાળાં, પર્વતો, પશુઓ, પક્ષીઓ, જળચર પ્રાણીઓ, વગેરેમાં ઈશ્વરે ભરપૂર વૈવિધ્ય ભર્યું છે. વર્ષોથી અહીંના મારા ઘરમાં હું અવારનવાર સૂર્યોદય નિહાળું છું. સૂર્યના આગમન ટાણે વિવિધ રંગોથી ઘેરાયેલું આકાશ દરરોજ અવનવી શોભા પાથરતું જોઈ મારા મનમાંથી વ્હી.શાન્તારામના ફિલ્મની એક ગીતપંક્તિ સરી આવે છે, *"યે કૌન ચિત્રકાર હૈ, યે કૌન ચિત્રકાર હૈ"*. સૂર્યોદય સાથે સૂર્યાસ્ત પણ મને ઘરમાં જ બેઠાં બેઠાં જોવા મળે છે. એક ખુશનૂમા સંધ્યા સમયે સૂર્યાસ્ત વેળાએ આકાશી ફલક અદમ્ય અવર્ણનીય

"American Christian news" published since 1988, by "Gujarati Christian Church"
(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)

રંગોની રંગોળી સજાવતું જોઈ, મારો નાનો સાડાત્રણ વર્ષનો પૌત્ર દોડતો દોડતો આગલા રૂમમાં મારી પાસે આવ્યો, મારો હાથ પકડી મને બીજા રૂમમાં બારી પાસે ખેંચી લઈ જઈ બૂમ પાડી ઊઠ્યો, "દાદી, દાદી! What a beautiful Sky!" નાનો અમથો બાળક આ કુદરતી સૌંદર્ય નજરઅંદાજ કરી ના શક્યો. મહાનમાં મહાન કલાકારની પીંછી ધ્વારા પથરાયેલા વિશાળ આકાશી ફલક પર કંડારેલા રંગોની જમાવટ અનેરું દૃશ્ય સર્જતું હતું! વિવિધ રંગો-ગુલાબી, લાલ, નારંગી, રાખોડી, ઘણી જગ્યાએ ચળકતી રૂપેરી કોર, ઉપરાંત નાનાં નાનાં ઘેટાંરૂપી ધોળાં ધોળાં વાદળોનો સમૂહ આકાશની શોભામાં ચાર ચાંદ લગાવી દેતાં જોઈને સૃષ્ટિકર્તાને હું ઉત્સાહપૂર્વક બિરદાવતી રહી! શો નયનરમ્ય નજારો!

મને થાય છે કે આવી તો અનેકવિવિધતા સરજનહારે છૂટથી આપણને વહેંચી આપી છે. માણસની પહેચાનસમી "ફિંગરપ્રીન્ટ" કહો કે "અંગુલીરેખાઓ" કહો, એમાં કેટકેટલી વિવિધતા ભરાયેલી છે? હજારો અને લાખો લોકો આવ્યા, ગયા અને હજી પણ આવવાના છે. પણ જગનિયંતાની કમાલ દરેકને જુદી જુદી "ફીંગરપ્રીન્ટ" આપનાર છે.

આ બધું વિચારતાં બીજો વિચાર પણ મારા દિમાગમાં આવ્યો. પ્લાસ્ટિક સર્જરી ધ્વારા સર્જનો ચહેરા, ત્વચા, હાથ, પગ અને શારીરિક અન્ય અંગોને નવો ઓપ આપી શકે છે.

મારી ભત્રીજી જેનું નામ અમે "ડીમ્પલ" પાડ્યું છે, તેના બન્ને ગાલોમાં ઊંડા ખાડા પડે છે. જાણીતી એક્ટ્રેસો-શર્મિલા ટાગોર, પ્રીતિ ઝીન્ટા, વગેરેના ગાલોમાં પણ દેખાય છે તે રીતના ઊંડા ખાડા પડે છે. મારા ડાબા ગાલે ખાડો પડે છે, પણ મારો જમણો ગાલ પ્રભુએ ખાડા વગરનો રહેવા દીધો છે. પ્લાસ્ટિક સર્જરી કરાવાવાળા ગાલમાં (કુદરતી બક્ષિસરૂપે મળેલા ખાડા જેવા ખાડા) કોઈને આપી શકે કે કેમ? જો એમ હોત તો ભલભલા લોકો ગાલમાં ખાડા પડવતે. ભવિષ્યમાં કોઈ માઈના લાલ આ લેખ વાંચીને પ્રેરણા લે અને પ્લાસ્ટિક સર્જન બની નકલી ખાડા લોકોને પાડી આપીને તિજોરી ભરે તો નવાઈ નહિ!

ખેર, ગાલમાં ખાડા આમ તો ધ્યાન ખેંચે એવી બાબત છે. ઘણા બધા કવિઓ તેમજ લખનારાઓને (મારી જેમ) "ગાલમાં પડતા ખાડા" સંબંધી ગલીપચી થાય છે.

નાનપણમાં લગ્ન પ્રસંગે જૂના જમાનામાં ફટાણાં કે કટાક્ષમય ગીતો તથા કન્યાપક્ષે ગવાતાં એ ગીતોમાં પ્રાસ હતો. રમૂજ અને હાસ્ય હતું. ઉપરાંત હસાવવા સાથે ઝગડી પડાય એવી તાકાત જરૂર હતી. પક્ષો પક્ષો વચ્ચે શબ્દપ્રહાર અને હસ્તપ્રહાર કરાવે એવાંજોરદા ૨ ગીતો હતાં. મને થોડી થોડી એ ગીતોની લાઈનો યાદ છે અને હું તમને એ ગીતો યાદ કરાવી, ભમરાની જેમ ગણગણવા જણાવું છું... વાંચો અને લલકારો.....

૧) "આ તો પેલી લીંબોડી લચ્ચર પચ્ચર ફાલેલી, હં... અ.. અને હોવે.."
૨) "ગાડીમાં ભર્યા ચોખા, જાનૈયા બધા બોખા"
૩) એને ગાલે પડ્યા ખાડા રે, એમાં મણમણ કોદરા માય."

ગાલમાં ખાડા આપી ઈશ્વરે ઘણાને સુંદર કલ્પના આપી છે. ઘણા બળાપો ઠાલવતા શબ્દો પણ વાપરે છે. વચમાં એક એજ જોક જાણવા મળી, જેની લાઈનો નીચે મુજબ છે;

"તું હસે જ્યારે જ્યારે, ત્યારે ત્યારે તારા ગાલમાં ખાડા પડે છે.
હું વિચારું છું બેઠો બેઠો કે મારા સિવાય આ ખાડામાં કેટલા પડે છે?" આ વાંચ્યા બાદ હું કહું છું,

"તમે શાને ઈતરાઓ છો આટલા, શું ગાલે ખાડા પડે છે માટે?
ભૂલો મા, ચંદ્રને સુંદર કહેતાં પહેલાં ખાડા જોનારા પણ અહીં હાજર છે."

ગાલના ખાડા જેને ઈશ્વરે આપ્યા છે તેને માટે આનંદની વાત છે કારણ, દસમાંથી ભાગ્યેજ એક જ જણને ગાલમાં ખંજન (ખાડા) પડે છે. આપણે ખૂદ બંને ગાલે ખાડા પડેલા બાળકને જોઈ કહી ઊઠીએ કે, "વાહ ભાઈ વાહ, આના તો બંને ગાલમાં ખાડા પડે છે!".

આપ આ લેખ વાંચ્યા બાદ ગાલમાં ખાડા પડે એવી વ્યક્તિને જોઈ વૈવિધ્યથી ભરપૂર સર્જન કરનાર સરજનહારની તરફ નજર કરી જોજો. ઈશ્વરને મનોમન વંદન કરજો! વૈવિધ્ય, ભરપૂરી, સુંદરતા, કાવ્ય, આનંદ આપનાર, સૂર્યોદય તથા સૂર્યાસ્તના સ્થળોને નિહાળી પ્રભુને તેમના સૌંદર્યમાં નિહાળવા યત્ન જરૂરથી કરજો! ખાડા પાડનારની જેમ ફાલતુ પ્રેમમાં ના પડી જતા. બલ્કે સર્જકે સરજેલી અદ્‌ભૂત, અવર્ણનીય તથા હ્રદયોલ્લાસ આપતી બાબતોનું અવલોકન કરી ઈશ્વર પિતાની મહાનતાને સતત બિરદાવતા રહેશો તો આ લેખ લખવો વ્યર્થ નહિ જાય.

તારો-Star-*સુનાલિની મરચંટ (New Jersey)*

"યહૂદીઓનો જે રાજા જન્મ્યો છે, તે ક્યાં છે? કેમકે પૂર્વમાં તેનો 'તારો' જોઈને તેનું ભજન કરવા આવ્યા છીએ." માથ્થી-૨:૧૨

રાજવીના રાજકુમારના જન્મ, જીવનતથા જન્નત હંમેશાં વૈભવી તથા બાદશાહી હોય છે. જ્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્તના જન્મ સમયે અદ્‌ભૂત નિરવ શાંતિ હતી.

આ દૈવી રાજાના જન્મની ખબર પડતાં સઘળાં લોકો, શાસ્ત્રીઓ, રાજા પણ ગભરાયા, કેમકે "જૂના કરાર"માં "ઉત્પત્તિ"થી "માલાખી" સુધી અનેકવાર ભવિષ્યવાણીઓ કરવામાં આવી હતી છતાં તેની નોંધ લેવામાં આવી નહોતી. પરંતુ આકાશી સૈન્યએ તથા દૂતોએ રાજાના આગમનની છડી પોકારી તથા તારાઓએ જાહેરાત કરી!

"નાતાલ"ના પવિત્ર પર્વનું પ્રતિક છે-"તારો". માગીઓ પ્રભુ ઈસુને યહૂદીઓના રાજા, રાજાઓના રજા, પ્રભુઓના પ્રભુ માને છે. તેના જન્મની છડી પોકારનાર આકાશી સાક્ષી તથા ચિહ્‌ન 'તારો'છે. આમ તો રાત્રે આકાશમાં અનેક ઝબકારા મારતા નાના-મોટા તારા જોયા છે, પરંતુ આ 'તારો' કુદરતી કે સામાન્ય ન હતો. આ 'તારો' દૈવી તથા અલૌકિક હતો! જાણકારોના મતે આ 'તારા'ના સ્વરૂપે કોઈ દૂત હતો! પવિત્ર આત્મા દેવ, પ્રભુ ઈસુને જગતના ઉધ્ધાર માટે લાવ્યા હોય, તે દૂર દેશોમાં વધામણીના સમાચાર ફેલાવતાં તથા ઈસુની ગમ દોરી લાવવા આ 'તારા'નો ઉપયોગ કરે છે.

ખગોળશાસ્ત્રીઓના મતે આકાશમાં ૪૦ 'સેક્ષીલીયન'-Sexillion-તારા આવેલા છે. એક 'સેક્ષીલીયન' એટલે એક (૧)ના આંકડાની પાછળ ૨૧ મીંડાં (0) લાગે એટલા! વેબસ્ટર ડીક્ષનરીમાં તારાનાં પાંચ લાખ નામ આપવામાં આવ્યાં છે! જો ૪૦ 'સેક્ષીલીયન'-Sexillion-તારાનાં નામ લખવામાં આવે તો ૮૦ 'ક્વોડ્રીલીયન'-Quardrllion પુસ્તક થાય. એક 'ક્વોડ્રીલીયન'-Quardrllion એક (૧)ના આંકડાની પાછળ ૧૫ મીંડાં (0) લાગે એટલાં પુસ્તકો! પવિત્રશાસ્ત્ર "બાઈબલ"ના પુસ્તક "અયુબ"-૯:૯, ૩૮: ૩૧-૩૨, "આમોસ"- ૫:૮માં તારાનાં નામ આપવામાં આવ્યાં છે.

આકાશમાં દેખાતા અને નરી આંખે નહિ દેખાતા તારા પરમેશ્વરનું સર્જન છે. જ્યારે તેમને (તારાને) દેવો માને છે, "આમોસ"-૫:૨૬માં તારારૂપી દેવ કીયુન, પ્રે.ક. ૭:૪૩માં 'રમ્ફા' દેવનો તારો. તારા ગેસના બનેલા હોય છે. તારાનું તાપમાન ૫,૦૦૦થી ૬,૦૦૦ અંશ જેટલું હોય છે. તારાની અંદર ૧૦૦,૦૦૦થી ૩,૦૦૦,૦૦૦ ફેરનફીટ જેટલું તાપમાન હોય છે તે પરિવર્તિત થઈને ચમકે છે.

'તારા'ને 'તારનાર' સાથે સરખાવવામાં આવ્યા છે:

૧) ભવિષકથન: બંને માટે ભવિષ્યકથન કરવામાં આવ્યું હતું. ગણના- ૨૪:૧૭- યાકુબમાંથી 'તારો' ઝબકી નીકળશે અને 'તારનાર' માટે યશાયા-૯: ૬-૭.

૨) દેવનું સર્જન છે: તારાનું સર્જન કરનાર તથા તેની ગણત્રી કરનાર દેવ પોતે છે. ઉત્પત્તિ: ૧:૧૬, ગીત શાસ્ત્ર :૧૩૬: ૯. જ્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્ત-તારનારને માણસોના ઉધ્ધાર માટે માણસના રૂપમાં પૃથ્વી પર મોકલ્યો યોહાન: ૩: ૧૬-૧૭, મિત્રો! પ્રભુ ઈસુ દેવ તથા ત્રિએક ઈશ્વર છે.

૩) પ્રકાશિત તારો: આ તારો સામાન્ય પ્રકાશ કરતાં તેજસ્વી તથા અલગ હતો. પ્રકટીકરણ; ૨:૧૮માં થુવાતિરાની મંડળીને આ પ્રભાતનો તારો આપવાની વાત "પવિત્રાઆત્મા" કરે છે.

"American Christian news" published since 1988, by "Gujarati Christian Church"
(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)

પ્રકાશિત એટલે જે નિર્દોષ તથા નિષ્કલંક હલવાન જેવો છે. જેના મૂલ્યવાન રક્તથી વિશ્વાસીઓનો ઉધ્ધાર થયો. ૧ પિતર: ૧:૧૯.

૪) દોરી લાવનાર: 'તારો'અને 'તારનાર'-બંને દોરી લાવનાર છે. જેમ માગીઓને 'તારો' દોરી લાવ્યો તેમ પ્રભુ ઈસુ પાપીઓને દેવ પાસે-પોતાનું રક્ત વહેવડાવી દોરી લાવી મધ્યસ્થ બને છે. માથ્થી-૫:૧૬ મુજબ આપણે-દરેક વિશ્વાસીએ લોકોની આગળ અજવાળુ પ્રકાશવા દેવાનું છે, જેથી અંધકારમાં બેઠેલાંને પ્રકાશમાં દોરી લાવવાનાં છે. દરેક ખ્રિસ્તી વ્યક્તિ 'તારલો' બની પ્રકાશ રેલાવે!

"મધરાત કેરા ઓ તારલા!, ચમકી ઘોર મેદાન પર"

પ્રભુ ઈસુએ મારી સાથે કરી' આ સંદેશ તમોને જણાવવા કહેલ છે-જે જણાવું છું!

ગાંધીનગર ખાતે જાન્યુઆરી ૭થી ૯, ૨૦૧૫ સુધી આયોજીત ''પ્રવાસી ભારતીય દિવસ"માં NRI પ્રતિનિધિઓને ભેટ સમાન ''લાઈફ લોંગ વીઝા"ના પ્રસ્તાવને ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ મંજૂરી આપી દીધી છે. જે મુજબ ૧૯૫૫ની સાલના "સીટીઝનશીપ એકટ"માં સુધારો કરાયો છે. તેથી હવે "પર્સન ઓફ ઈન્ડિયન ઓરીજીન"-Person of Indian Origin (**PIO**) તથા "ઓવરસીઝ સીટીઝનશીપ ઓફ ઈન્ડિયા" Overseas Citizen of India (**OCI**) એકટનું વિલીનીકરણ કરી દઈ **બંને એક કરી દેવાયા છે**. જેના થકી હવે **PIO ને લાઈફ લોંગ-આજીવન-વીઝા મળી જશે.** તેથી હવે ભારતમાં ૬ માસથી વધુ રોકાણ કરવા માટે FRO કે FRRO પોલીસ ડિપાર્ટમેન્ટ પાસે રજીસ્ટ્રેશન કરાવવાની ઝંઝટમાંથી મુક્તિ મળી જશે. તેમજ **PIO માટે વીઝાની વધુમાં વધુ મુદત ૧૫ વર્ષની હતી તેને બદલે આજીવન વીઝા મળી શકશે.** આ અગત્યનો ફેરફાર ઘણો આવકારદાયક ગણાય.

ઉલ્લેખનીય છે કે સને ૨૦૧૪માં અમેરિકાના "મેડીસન સ્કવેર ગાર્ડન" ન્યુયોર્કમાં ઉદબોધન સમયે ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ આપેલું વચન પાળી બતાવ્યું છે.

હવે PIO તથા OCI બંને સ્કીમો એક થઈ જતા ''સિંગલ ઈન્ડિયન ઓવરસીઝ કાર્ડ હોલ્ડર સ્કીમ" અમલી બનાવાઈ છે.

ઉપરોક્ત બંને કાયદાકીય ફેરફારો NRI સમૂહ માટે આવકારદાયક હોઈ વિશ્વમાં અનેક દેશોમાં વસતા સમૂહ તેમને ઉમંગભેર વધાવી લેશે.

PIO તથા OCI બંને સ્કીમોના લાભોની સરખામણી કરતાં Overseas Citizen of India (OCI)ના બદલે Person of Indian Origin (PIO) મેળવવું વધુ સલામત અને ચિંતામુક્ત હોવાનું જણાય છે. OCI મેળવનાર "અમેરિકન સીટીઝન" તરીકે "ઈન્ડિયન ગવર્મેન્ટ"નો અમુક અંશે તાબેદાર હોઈ શકે, જ્યારે **PIO મેળવનાર સંપૂર્ણપણે "અમેરિકન સીટીઝન" તરીકે યુએસ ગવર્મેન્ટ સિવાય કોઈના તાબેદાર હોઈ શકે નહિ.**

યુ.એસ.માં વોશિંગ્ટન ડીસીસ્થિત ભારતીય દૂતાવાસ દ્વારા ૨૩ ડીસેમ્બર ૨૦૧૪ના રોજ જાહેરનામુ પ્રસિધ્ધ કરાયુ છે. જે મુજબ **ભારત અથવા વિદેશોમાં રહેતા ભારતીય પાસપોર્ટધારકોએ નીચેના સંજોગોમાં પોતાના જૂનાને બદલે નવો પાસપોર્ટ ૨૪ નવેમ્બર ૨૦૧૫ સુધીમાં મેળવી લેવો.**

(૧) "ઈન્ટરનેશનલ સિવિલ એવીએશન ઓર્ગેનાઈઝેશન" (ICAO) દ્વારા નક્કી કરાયેલી ઉપરોક્ત તારીખ સુધીમાં હાથે લખેલા અક્ષરોથી તૈયાર કરાયેલ પાસપોર્ટની જગ્યાએ મશીન દ્વારા તૈયાર કરાયેલ પાસપોર્ટ મેળવી લેવાનો રહેશે. જે મુજબ ૨૫ નવેમ્બર ૨૦૧૫થી અમલ બને તે મુજબ મશીન દ્વારા તૈયાર નહીં થયેલા પાસપોર્ટ અથવા વીઝાના લખાણ માન્ય નહીં ગણાય.

ભારત સરકાર દ્વારા ૨૦૦૧ની સાલથી મશીન દ્વારા લખાયેલ પાસપોર્ટ જ આપવામાં આવે છે. પરંતુ ત્યાર પહેલાના હાથે લખાયેલા તથા ફોટો ચિપકાવેલા પાસપોર્ટ કે જે ૧૯૯૦ ની સાલથી ૨૦ વર્ષની મુદત માટે અપાયા હતા. તે હવે મશીન દ્વારા જ કરાવી લેવાના રહેશે.

નવેમ્બર ૨૦૧૪ના **અંદાજ મુજબ ૨,૮૬,૦૦૦ જેટલા હાથે લખેલા પાસપોર્ટ હજુ અસ્તિત્ત્વમાં છે.** જે ૨૪ નવેમ્બર ૨૦૧૫ સુધીમાં મશીન દ્વારા તૈયાર કરાવી લેવાના રહેશે. બીજા અંદાજ મુજબ ૬ કરોડ જેટલા ભારતીયો માન્ય પાસપોર્ટ ધરાવે છે. જે મશીન દ્વારા તૈયાર કરાયેલા છે.

તમામ જૂના પાસપોર્ટધારકોને નક્કી કરેલી ઉપરોક્ત છેલ્લી તારીખ સુધીમાં નવા પાસપોર્ટ મેળવી લેવા અરજી કરી દેવાનું દૂતાવાસ કચેરીના જાહેરનામાં મુજબ જણાવાયુ છે.

(૨) ૬ મહિનાની અંદરની મુદતના પાસપોર્ટ રીન્યુ કરાવી લેવા. તેમજ **જેમાં મુદત પૂરી થવાની તારીખ દર્શાવી ન હોય તેવા પાસપોર્ટના આધારે પણ અમુક સંજોગોમાં વીઝા મળી શકતા નથી અથવા તો વિદેશ પ્રવાસ થઈ શકતો નથી.** બાળકો માટેના પાસપોર્ટની મુદત પૂરી થયે નવો પાસપોર્ટ મેળવવાની કાર્યવાહી શરૂ કરી દેવી જોઈએ.

(૩) જે પાસપોર્ટમાં ૨-બે પાનાથી ઓછી જગ્યા બાકી રહેતી હોય તેવા પાસપોર્ટ અમુક દેશોમાં માન્ય રાખવામાં આવતા નથી. તેથી પાસપોર્ટમાં પૂરતી જગ્યા છે કે નહીં તે ચકાસી લેવું જેમને અવારનવાર વિદેશ પ્રવાસો કરવાના થતા હોય તેઓએ ૬૪ પાનાનો જમ્બો પાસપોર્ટ મેળવી લેવો જોઈએ.

(૪) પાસપોર્ટ આપતી તમામ અધિકૃત કંપનીઓમાં હવે પાસપોર્ટ રીન્યુ વિધિ બિલકુલ સરળ તથા ઝડપી થઈ ગઈ છે. તેથી કોઈને પાસપોર્ટ સેવા અંગે કાંઈપણ વિશેષ માહિતી જોઈતી હોય તેમણે www.passportindia.gov.in દ્વારા અથવા "નેશનલ કોલ સેન્ટર"ના 1-800-258-1800 (૧-૮૦૦-૨૫૮-૧૮૦૦) (ટોલ ફ્રી) નંબર દ્વારા સંપર્ક સાધવો તેમ જણાવાયુ છે. તથા વિદેશો સ્થિત ભારતીયોએ પોતે વસવાટ કરતા હોય તે દેશની ભારતીય દૂતાવાસ કચેરીનો સંપર્ક સાધવા જણાવાયુ છે.

નવેમ્બર, ડીસેમ્બર-2014, **જાન્યુઆરી** અને **ફેબ્રુઆરી-2015 વિઝા બુલેટીન**

ફેમિલિ કેટેગરી	નવેમ્બર-2014	ડીસે-2014	જાન્યુ-**2015**	**ફેબ્રુ-2015**
F-1	01 June-07	22 Jun-07	08 July-07	**22 July-07**
F-2 A	01 Mar-13	22 Mar-13	15 April-13	**08 May-13**
F-2 B	01 Jan-08	22 Feb-08	01 April-08	**22 May-08**
F-3	08 Dec-03	15 Dec-03	22 Dec-03	**01Jan-04**
F-4	08 Feb-02	22 Feb-02	22 Mar-02	**15 April-02**

પાછળના ત્રણ મહિનાની વિગતના આધારે પાંચેય કેટેગરી દર માસે આગળ વધે છે કે નહિ? વધે છે તો કેટલી તે જાણીને વિઝા ક્યારે નીકળશે તેનો અંદાજ કાઢી શકાય. ઉપરોક્ત કોઠા મુજબ **ફેબ્રુઆરી-2015ની વિઝાની વિગત** નીચે મુજબ છે:-

F-1-અમેરિકન સીટીઝનનાં સગીર સંતાનો અને **21વર્ષ કે તેથી વધુ ઉંમરનાં અપરણિત** સંતાનો**-23 July-2007** (આ મહિને ફક્ત **14** દિવસ **આગળ** વધી છે)

નોંધ: (યુએસ સીટીઝનનાં પતિ/પત્ની, **યુએસ સીટીઝનનાં 21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત સંતાન, યુએસ સીટીઝનનાં** માતા/પિતાને **નિકટતમ કુટુંબજન** તરીકે **તત્કાલીન વિઝા** મળે. માસિક/વાર્ષિક **વિઝા-ક્વોટા મર્યાદા લાગુ પડતી નથી**

F-2 A ગ્રીનકાર્ડધારકનાં **પતિ/પત્ની** અને **21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત** સંતાનો- **08 May-2013** (ગયા મહિનાથી **23 દિવસ** આગળ વધી છે)

F-2 B– ગ્રીનકાર્ડધારકનાં **21વર્ષ કે તેથી વધુ ઉંમરનાં અપરણિત** સંતાનો- **22 May--2008** (ગયા મહિનાથી સારી એવી **51 દિવસ આગળ વધી** છે)

F-3–અમેરિકન સીટીઝનનાં **પરણિત** સંતાનો**-01 January-2004** (આ મહિને **10 દિવસ આગળ** વધી **છે,** યુએસ સીટીઝન માબાપ સમાચાર ઠીક નથી)

F-4–US **સીટીઝનનાં** ભાઈ/બેન, ઓરમાન ભાઈ/બેન**-15 April-2004** (ગયા મહિનાથી **24 દિવસ આગળ વધી,** ખરેખર તો **2010**માં જ્યાં પહોંચી હતી, ત્યાંથી હજી **12 દિવસ પાછળ** જ છે, તે હવે આગળ વધશે તેવી આશા)

uscis.gov વેબ સાઈટ ઉપરની છેલ્લામાં છેલ્લી માહિતી આખરી ગણવી.

ઉપરોક્ત બુલેટીન મુજબ જો આ મહિને ફાઈલ કરવામાં આવે તો..

F-1 માટે **7 વર્ષ** રાહ જોવી પડે.

F-2 A હવે છેલ્લા **5 મહિનાથી ખસતી નથી** તેથી **2થી 3** વર્ષ **કે તેથી વધુ રાહ જોવી પડશે. F-2 B** માટે **7** વર્ષ **6** મહિના રાહ જોવી પડે.

"American Christian news" published since 1988, by "Gujarati Christian Church"
(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)

ઉપરોક્ત બુલેટીન મુજબ જો આ મહિને ફાઈલ કરવામાં આવે તો.. F-1 માટે **7 વર્ષ** રાહ જોવી પડે. **F-2 A** હવે છેલ્લા **5 મહિનાથી ખસતી નથી** તેથી **2થી 3** વર્ષ કે **તેથી વધુ** રાહ **જોવી પડશે. F-2 B** માટે **7** વર્ષ **6** મહિના રાહ જોવી પડે. **F-3** માટે **12** વર્ષ **થી વધુ** રાહ જૂઓ અને **F-4** માટે **12-13** વર્ષ રાહ જોવી પડે, પણ તેથી ફાઈલ કરવી નથી તેવું સમજવું નહિ. 'બ્લડ રીલેશન'-લોહીના સંબંધે પતિ/પત્ની, ભાઈ/બેન, દીકરા-દીકરી, માતા/પિતાની- **ફેમિલી કેટેગરીની બધી ફાઈલો ચાલુ જ છે. વિઝા ફી ચૂકવી હોય તો કશી** રાહ જોયા વિના **સ્પોન્સરશીપનાં પેપરો યુએસ વિઝા સેન્ટરમાં મોકલી દેવાં** પણ **વિઝાકોલ આવ્યા બાદ સગાંને મોકલવાં** હિતાવહ છે.

---

* અમેરિકામાં રહેતા જે કોઈ ખ્રિસ્તી ભાઈબેનને **American Christian News** નિયમિત મેળવવાની ઈચ્છા હોય તો **પોતાનું પોસ્ટલ** અથવા **ઈ-મેઈલ એડ્રસ,** તંત્રીશ્રીને મોકલવા વિનંતી! **તંત્રીનું સરનામું અને ઈ-મેઈલ નોંધી રાખશોજી!**

Editor-ACN,
144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095
Phone: 732-855-0596 * *Email: jospausa@yahoo.com*

* **ખાસ સૂચના:- American Christian News (ACN)** માં પોતાના લેખ પ્રસિધ્ધ કરવાની ઈચ્છા ધરાવનારે **પોતાનાં તમામ લખાણ સીધાં જ તંત્રીશ્રીના સરનામે મોકલવાં.** કેટલાક માનનીય શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનના સરનામે મોકલે છે, તેથી લેખક પોસ્ટલ સ્ટેમ્પ્સનો ખર્ચ કરે, અને રૂથબેન એ જ લેખ તંત્રીને મોકલવા ફરીથી પોતે પોસ્ટલ સ્ટેમ્પ્સ ખર્ચે, આમ ડબલ ખર્ચ થાય, વળી લેખ તંત્રીને મળતાં બમણો સમય જાય, તે ઠીક નથી. દર બે મહિને પ્રસિધ્ધ થતા **American Christian New** માટેના લેખ-લખાણો **નવેમ્બર મહિનાની ૧૫-૨૦ તારીખ સુધીમાં બારોબાર તંત્રીને મોકલીને** સહકાર આપવા વિનંતી!

-લખાણની શરૂઆતમાં લેખકે પોતાનું નામ, સરનામુ અને ફોન નંબર અને જો હોય તો ઈ-મેઈલ એડ્રસ સાથે લેખ મોકલ્યાની તારીખ અચૂક લખવી.

-"બાઈબલ સ્ટડી"ના જવાબો શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનને સરનામે મોકલવા.

-આપનાં દાન ફક્ત રોકડમાં પોસ્ટલ સ્ટેમ્પ્સ માટે શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનને સરનામે મોકલવાં.

-"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"માં પ્રસિધ્ધ થતાં લખાણો અંગે જે તે લેખક જવાબદાર રહેશે.

નીચેની બૂકો **"અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ"**ના વાચકો ઓછા દરે ખરીદી શકે છે;
(1) **"અમેરિકામાં સીનિયરોને મળતા લાભો"-$13.00** (શીપિંગ સહિત),
(2) **"યુએ સીટીઝશીપ ગાઈડ"-$10.00,** (શીપિંગ સહિત), **યુએસ સીટીઝનશીપ મેળવવા માટે નવા N-400 ફોર્મની સમજ અને હવે 21 પાનના નવા ફોર્મ અંગેના પ્રશ્નોત્તર સાથે અદ્યતન 2014ની નવી આવૃત્તિ.**
(3) "ડ્રાઈવિંગ ઈન યુએસએ ટેસ્ટ ગાઈડ" *(અમેરિકાનાં 50 સ્ટેટ્સ માટે)*-**$7/** (શીપિંગ સહિત)નો ચેક **Josh Foundation** નામે લખીને એક ચિઠ્ઠીમાં નામ, સરનામું અને **ફોન નંબર** લખીને **કઈ બૂક મંગાવવી છે તે** લખીને-**Josh Foundation, 144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095** સરનામે મોકલ્યા પછી બે વીકમાં આપને **બૂક ન મળે તો જ ફોન કરશો. રજીસ્ટર મેઈલ કરવી નહિ.**

From:-AMERICAN CHRISTIAN NEWS
Community Paper soliciting your Co-operation
I.D. # 11-2917985 August 28, 1988
"Gujarati Christian Church"
17, Dart Mouth Ave, Avenel, NJ 07001-1804
Phone # (732) 750-4064-(Ruthben Christian)

"American Christian New"

wish you all readers

A Haapy Valentine's Day!

"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ" સમગ્ર સુજ્ઞ વાચકોને "વેલેન્ટાઈ ડે"ની હાર્દિક શુભેચ્છા પાઠવે છે!

ખાસ વિનંતી: "અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ"ના દરેક પાનની નીચે *jagadishchristian.com* વેબ સાઈટની માહિતી રજૂ કરેલી હોય છે. આ માહિતીપૂર્ણ વેબ સાઈટનો સ્વૈચ્છિક રીતે વિના મૂલ્યે વાચકો લાભ લઈ શકે છે. ખાસ તો હવે "ગુજરાતી ક્રિશ્ચિયનો" સાથે ભારતીય ક્રિશ્ચિયનો યુએસએમાં પોતાનાં લગ્નલાયક સંતાનો માટે યોગ્ય જીવનસાથી શોધવા ચિંતાતુર હોય છે. કુટુંબ સંબંધી લગ્નવિષયક માહિતી આપને ઉપયોગી બની રહેશે. *jagadishchristian.com* વેબ સાઈટમાં "લગ્ન સંસ્કાર સેતુ"-Gujarati Christian Matrimony-માં લગ્નને યોગ્ય યુવક-યુવતીઓનું લીસ્ટ આપવામાં આવેલું હોય છે. ખ્રિસ્તી અલગ અલગ મંડળીના યુવક-યુવતીઓની જરૂરી વિગત આ વેબ સાઈટ ઓપન કરીને આપનાં સંતાનો માટે યોગ્ય જીવનસાથીની શોધ કરવાની આ એક તક ઝડપી લેવા આપ સૌ વાચકોને આગ્રહભરી વિનંતી છે.

---

* Always bear in mind that your own resolution to succeed is more important than any other.

-Abraham Lincoln

* The changes in our life must come from the impossibility to live otherwise than according to the demands of our conscience not from our mental resolution to try a new form of life.-*Leo Tolstoy*

* Character is the ability to carry out a good resolution long after the excitement of the moment has passed.

-*Cavett Robert*

* Let our New Year's resolution be this: we will be there for one another as fellow members of humanity, in the finest sense of the word.-*Goran Persson*

"અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ" ૨૦૧૫થી ૩૬મા વર્ષમાં પ્રવેશે છે, ત્યારે પ્રભુના આભાર સાથે સહકાર આપના સૌ લેખકો, વાચકો, દાતાઓ અને "બાઈબલપ્રેમીઓ "નો હાર્દિક આભાર માને છે. આ સમાચારપત્રના આદ્ય સ્થાપક સ્વ. રેવ. મનુભાઈની સેવાઓને યાદ કરીને હાર્દિક શ્રધ્ધાંજલિ પાઠવે છે!

To,

"American Christian news" published since 1988, by "Gujarati Christian Church"
(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)